# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૧૩-૦૮-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## <u>તિરંગા યાત્રા-અમદાવાદ :</u>

સ્વતંત્રતા પર્વની ઉજવણી પહેલા રાજ્યના ચાર મહાનગરોમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વિરાટનગરથી લઈ નિકોલ ખોડિયાર મંદિર સુધી ત્રણ કિલોમીટર લાંબી તિરંગા યાત્રા યોજાઈ છે.કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા તિરંગા યાત્રાની શરૂઆત કરાવવામાં આવ્યો.દેશની સાંસ્કૃતિક ઝાંખીઓ દર્શાવતા ટેબલો સાથેની પરેડનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે,આ તિરંગા યાત્રા યુવાનોમાં ઉર્જા ભરવાનું કામ કરે છે.મુખ્યમંત્રીએ તિરંગા યાત્રાના આયોજન માટે અભિનંદન પાઠવ્યા હતા.

**NP-જાગૃતિ વકીલ**

---

## <u>કેબીનેટ બેઠક :</u>

આજરોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની આગેવાનીમાં યોજાયેલી કેબીનેટ બેઠકમાં રાજ્યના ભૂતિયા શિક્ષકોનો રીપોર્ટ કાર્ડ,૨૧ થી ૨૩ સુધી યોજાનાર વિધાનસભા સત્ર,હર ઘર તિરંગા યાત્રા,જળાશયોમાં પાણીની સ્થિતિ,ખેડૂતોના પાક-સહાયના સર્વે સહિતના મુદ્દાઓ પર મંથન કરવામાં આવ્યું

હતું.ઉપરાંત,રાજ્યમાં  રાષ્ટ્રીય પર્વની ઉજવણીની તૈયારીઓ ને લઈને ચર્ચા પરામર્શ કરવામાં આવ્યા.અત્રે ઉલ્લેખનીય છે કે,આવતીકાલે મુખ્યમંત્રી ખેડામાં હોવાને કારણે આવતીકાલની રાજ્ય પ્રધાનમંડળની કેબીનેટ બેઠક આજે યોજાઈ હતી.

**NP-જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------------------

## વંદે ભારત :

રાજ્ય સરકારે કર્મચારીઓને રજા પ્રવાસ રાહત અને વતન પ્રવાસના હેતુ માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીને માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારનાં કર્મચારીઓ દ્વારા રજા પ્રવાસ રાહતમાં વંદે ભારત ટ્રેનની મુસાફરીનો સમાવેશ કરવા રજુઆત કરવામાં આવી હતી.

રાજ્ય સરકારનાં પાંચ લાખ કર્મચારીઓને આ નિર્ણયનો લાભ મળશે. નાણા વિભાગ દ્વારા આ અંગેનો ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------

## જીલ્લા કક્ષાની સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી :

કચ્છના જિલ્લાકક્ષાના ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ગાંધીધામના રમતગમત સંકુલ ખાતે ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે થનારી છે.જે અનુસંધાને આજરોજ કચ્છ જિલ્લા કલેક્ટર અમિત અરોરાની વિશેષ ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમનું સ્થળ મધ્યે રિહર્સલ કર્યું તથા જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યા.ગાંધીધામ ખાતેની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં નાગરિકોને સહભાગી થવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

**માહિતી ખાતું**

---

## હર ઘર તિરંગા:કચ્છ-ભુજ :

આજરોજ ભુજ બસપોર્ટ ખાતે સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય કેશુભાઈ પટેલની ઉપસ્થિતીમાં 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત એસ.ટી બસમાં તિરંગો લહેરાવીને બસપોર્ટમાં હાજર મુસાફરોને રાષ્ટ્રધ્વજનું પદાધિકારીઓના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

રાપર તાલુકામાં ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં સરહદી ગામ લોદ્રાણી તથા તાલુકાના વિવિધ ગામમાં તિરંગા યાત્રા યોજાઈ હતી.જેમાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ,ગ્રામજનો, પોલીસ જવાન,બીએસએફના જવાન,હોમગાર્ડના જવાનો તથા શાળાના છાત્રો જોડાયા હતા.દેશભક્તિના નારાઓથી શહેર તથા ગ્રામની ગલીઓ ગુંજી ઉઠી હતી.ભચાઉ તથા અબડાસામાં પણ તાલુકા કક્ષાના કાર્યક્રમ યોજાયા હતા.

**સ્વતંત્રતા દિન પૂર્વે માતાનામઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, લખપતના કિલ્લા સહિત ધાર્મિક સ્થાનોમાં રોશનીથી શણગારાતાં ઝગમગાટ જોવા મળી રહ્યો છે.**

**માહિતી ખાતું**

---

## શ્રાવણ સુદ આઠમ :

**આજે શ્રાવણ સુદ આઠમને રા'આઠમ તરીકે ઓળખવામાં આવે છે.કચ્છ રાજવી પરિવાર દ્વારા આજે રુદ્રાણી ખાતે રુદ્રાણી માતાજીની પતરી વિધિ કરવામાં આવી હતી.તથા માતાજીને મીઠી પેડી જાતર ચડાવવામાં આવી હતી.છેલ્લા ૭૪ વર્ષથી આ પરંપરા અકબંધ છે.**

**NP-જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------------------

## <u>વિનેશ ફોગાટ :</u>

ભારતીય રેસલર વિનેશ ફોગટના સિલ્વર મેડલ પર આજે નિર્ણય આવી શકે છે.સ્પોર્ટ્સની કોર્ટ તેનો ચુકાદો આપશે; ફાઈનલ મેચ પહેલા, અત્રે ઉલ્લેખનીય છે કે,વિનેશને 100 ગ્રામ વધારે વજન હોવાના કારણે ગેરલાયક ઠેરવવામાં આવી હતી,જ્યારે પ્રારંભિક રાઉન્ડ પહેલા કરવામાં આવેલા વજનમાં,વિનેશનું વજન 50 કિલો વેઇટ કેટેગરીની મર્યાદા કરતા ઓછું હતું. આવી સ્થિતિમાં વિનેશે સંયુક્ત સિલ્વર મેડલની માગ કરી છે.જેના ચુકાદાની સૌ દેશવાસીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

**NP-જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------------------

## <u>ફોટોગ્રાફી પ્રદર્શન :</u>

“દ્રષ્ટિ અ વિઝન થ્રુ લેન્સ” વિષય અંતર્ગત ભુજના જાણીતા ફોટોગ્રાફર રમેશ વિશનજી પોમલના ખાસ ફોટોગ્રાફ્સ પ્રદર્શનના ઉદઘાટનનો કાર્યક્રમ આવતીકાલ તારીખ ૧૪ ઓગસ્ટના સાંજે ૫ વાગ્યે કચ્છ સંગ્રહાલય ભુજની બિલ્ડીંગમાં યોજાશે.આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ અને ઉદઘાટક તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત ફોટોગ્રાફર વસંત સંઘવી ઉપસ્થિત રહેશે.આ પ્રદર્શન તારીખ ૧૫ થી ૧૭ ઓગસ્ટ દરમ્યાન સવારે ૧૦ થી સાંજે ૬ સુધી નિહાળી શકાશે.જેનો લાભ લેવા તથા કચ્છની સમૃદ્ધ વિરાસતને વધુ ઉજાગર કરવા અને ધન્ય ધરોહર સાથે જોડવા કચ્છ સંગ્રહાલય ભુજ દ્વારા જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**માહિતી ખાતું**

-----------------------------------------------------------------------------------